Department of Education
GOVERNMENT OF WESTERN AUSTRALIA

# યુવાનોને રોજગાર વિશ્વ સાથે જોડાવાની જરૂર છે

## માતાપિતા અને સંભાળકર્તાઓ માટે માહિતી

વિદ્યાર્થીઓને નોકરીદાતા પાસેથી કાર્ય, વેતન સાથે રોજગાર અને કાર્યસ્થળમાં મૂલ્યવાન કૌશલ્યો શીખવાની તકોની જરૂર હોય છે. તેઓ સીધા યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા ઈચ્છતાં હોય, શાળા પૂર્ણ કર્યા પછી વધારાની તાલીમ લેવા ઈચ્છતા હોય કે સીધા કાર્યબળમાં જોડાવવાની યોજનાં કરતાં હોય, બધાં જ વિદ્યાર્થીઓને આ લાગું પડે છે.

રોજગાર વિશ્વ સાથે જોડાવાથી યુવાનોને શાળામાં તેઓ જે શીખે છે તેની સુસંગતતા સમજવામાં મદદ મળે છે, તેમની ક્ષિતિજો વિસ્તૃત થાય છે, તેમની આકાંક્ષાઓ વધે છે, અને તેમના માટે ખુલ્લી નોકરીઓ અને કારકિર્દીના માર્ગોની શ્રેણીને પ્રકાશિત કરે છે.

યુવાનોને તકની જરૂર હોય છે:

- તેઓ વિશ્વાસપાત્ર છે તે સાબિત કરવા
- બતાવવા કે જે તે કામ કેવી રીતે કરવું તેની તેમને ખબર છે
- આત્મવિશ્વાસમાં વધારો કરવા
- કૌશલ્યો કેળવવા.

યુવાનો માટે રોજગાર વિશ્વનો અનુભવ કરવાની તકોમાં સમાવેશ થાય છે:

- અર્ધકાલિન અને અસ્થાયી નોકરીઓ
- એક શાળા કાર્યક્રમ મારફતે કાર્યસ્થળ અભ્યાસ અને કામનો અનુભવ
- કાર્ય અનુચરણ
- સ્વયંસેવા
- કાર્યસ્થળની મુલાકાતો
- કાર્યની અજમાયશ અને ફરજિયાત મુકામી સેવાઓ (ઈન્ટર્નશીપ્સ)
- રમતગમતની ક્લબો
- ઉદ્યોગ સાહસિકતા અને 'સ્ટાર્ટ અપ્સ'.

આ અનુભવ રોજગારને સુરક્ષિત કરવા અને જાળવી રાખવા અને કાર્યસ્થળમાં પ્રગતિ કરવા માટે જરૂરી જ્ઞાન અને કૌશલ્યોના નિર્માણમાં મદદ કરશે.

### કાર્ય ક્ષમતાઓનું નિર્માણ કરવું

કાર્ય ક્ષમતાઓ કાર્યસ્થળમાં સૌથી મૂલ્યવાન, માન્યતાપ્રાપ્ત અને પ્રશંસાપાત્ર વર્તણૂંકો અથવા વલણનું પ્રતિનિધિત્વ કરે છે. નોકરીદાતાઓ કર્મચારીઓની કામ કરવાની ક્ષમતા હોવા પર અને તે દર્શાવવા માટે સક્ષમ બનવાની જરૂરિયાત પર વધુને વધુ ભાર મૂકે છે.

રાષ્ટ્રીય કૌશલ્ય આયોગ દ્વારા ઓળખાયેલી આવશ્યક રોજગાર ક્ષમતા કૌશલ્યોમાં સમાવેશ થયો છે:

- આંતરવૈયક્તિક અને લોકો સાથે ક્રિયાપ્રતિક્રિયા કરવાનાં કૌશલ્યોનો
- પદ્ધતિ અને આયોજન કૌશલ્યોનો
- વિશ્વસનીયતા અને પ્રેરણાનો
- જટિલ વિચારસરણી અને કોયડા ઉકેલવાનો
- સંચાર અને જૂથમાં કાર્ય કરવાનાં કૌશલ્યનો
- અનુકૂલનક્ષમતા અને સ્થિતિસ્થાપકતાનો
- ડિજીટલ સાક્ષરતાનો

D23/0256974
February 2023

CC BY
Exclusions may apply